# સાધુનો ન્યાય

– સમીર શાહ

રામપુર નામના ગામમાં મહારાજ કથાવાર્તા કરતા હતા. મહારાજ કથા બહુ જ સારી વાંચે છે એમ લોકો ચૉરે ને ચૌટે વખાણ કરે. મહારાજના વખાણ આજુબાજુના ગામમાં પણ પહોંચી ગયા એટલે ગામમાંથી અને દૂરદૂરથી લોકો તેમની કથા સાંભળવા આવતા હતા.

એક દિવસ કથા સંભળાવતા મહારાજે કહ્યું, ‘હે ભક્તો, પોતે ભૂખ્યા રહીને બીજાને જમાડવો એ પરોપકાર છે. પોતે પીડા સહન કરીને બીજાને સુખ આપે તે પરોપકારી કહેવાય છે. લોકોને ગળે આ વાત બરાબર ઊતરી ગઈ. વળી કથા સાંભળીને લોકો ધાર્મિક થયા હતા.

કથા પૂરી થયા પછી એક મુસાફર પોતાને ઘેર જવા માટે ચાલવા માંડયો. રસ્તામાં અંધારું થઈ ગયું. ઠંડી લાગવા માંડી. દાંત કચકચાવી કાઢે તેવી કાતિલ ઠંડી હતી. મુસાફરની પાસે એક ધાબળો હતો. તેણે ધાબળો ઓઢી લીધો. તેને થોડી રાહત થઈ અને ગામ પાસેના ચબૂતરા પાસે રોકાઈ ગયો.

થોડીવાર થઈ હશે ત્યાં જ એક બીજો માણસ ત્યાં આવ્યો. તે ઠંડીથી ધ્રૂજતો હતો. તેને ઠંડીથી ધ્રૂજતો જોઈને મુસાફરને મહારાજે કથામાં કહેલી વાત યાદ આવી.

તેણે પોતાનો ધાબળો એ માણસને ઓઢવા આપી દીધો. તે માણસ બોલ્યો, ‘ભાઈ, તમે ધાબળો ઓઢવા ન આપ્યો હોત તો હું મરી જ જાત. ભગવાન તમારું ભલુ કરે.’

થોડીવાર પછી મુસાફરને પોતાને જ ખૂબ ઠંડી લાગવા માંડી. તેણે પોતાને જ ખૂબ ઠંડી લાગવા માંડી. તેણે પોતાનો ધાબળો પેલા માણસ પાસે પાછો માંગ્યો અને બોલ્યો, ‘ધાબળો મારો છે. તને તે ઓઢવા પાછો આપી દે નહીંતર હું જ મરી જઈશ.’

ધાબળો હું પાછો આપી દઈશ તો હું મરી જઈશ. તમે મને ધાબળો ઓઢવા આપ્યો તેનાથી તમને એક જીવ બચાવવાનું પુણ્ય મળ્યું છે. જો ધાબળો પાછો લઈ લેશો તો હું મરી જઈશ. તેનું પાપ તમને લાગશે. જેનો ધાબળો હતો તે હવે વધારે ધ્રૂજવા માંડયો.

તે બોલ્યો, તો પછી તારે પોતાનો ધાબળો સાથે લાવવો જોઈતો હતો ને ? મને મારો ધાબળો આપી દે. બંને તો ઝઘડી પડયા. પેલો ધાબળો પાછો માંગે ને બીજો ધાબળો આપે નહીં. વાત આગળ વધી.

એટલામાં એક સાધુ મહારાજ આવ્યા બંનેએ કહ્યું, આપણે ઝઘડવાને બદલે આ મહારાજને વાત કરીએ. તેમણે બંનેએ કહ્યું, ‘મહારાજ અમારો ન્યાય તમે કરો.’



મહારાજે બંનેની વાત સાંભળીને કહ્યું, 'પોતાનો જીવ બચાવવો એ વાત તમારી બંનેની સાચી છે.'

મુસાફરે કહ્યું, 'મારી શક્તિ પ્રમાણે જ ઉપકાર કરવો જોઈએ. મેં આ વાતનો વિચાર કર્યા વિના જ મારો ધાબળો આ માણસને આપી દીધો. પણ પછીથી મને જ ઠંડી લાગે છે. ધાબળો આપી દીધો એ મારી ભૂલ છે જ્યારે હું પાછો માગું ત્યારે તેણે મને પાછો આપી દેવો જોઈએ. એ તેણે સમજવું જોઈએ.'

મહારાજે કહ્યું, 'ધાબળો એક જ છે. જે ઓઢશે તે બચી જશે અને જે નહીં ઓઢે તે ઠંડીમાં ઠૂંઠવાઈ જશે. માટે તમે બંને સંપીને ધાબળો ઓઢીને સૂઈ જાવ. બંને બચી જશો.'

મહારાજની વાત સાંભળીને બંનેને થયું, 'અમને કેમ આવો વિચાર પહેલાં ન આવ્યો ?' બંનેએ મહારાજને આવી સાચી સલાહ બદલ વંદન કર્યા પછી બંને ધાબળો ઓઢીને સૂઈ ગયા અને ઠંડીથી બચી ગયા ! બંનેએ સાધુ મહારાજના ન્યાયનાં વખાણ કર્યાં.

■